પુસ્તક 30

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૧ - કારતક સુદ-૫

જિનશાસનના શણગાર, પૂજ્ય સંયમી, ગીતાર્થ, વિદ્વાન ગુરુભગવંતોના ચરણોમાં કોટિશઃ વંદનાવલી.. જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્યશ્રી / પંડિતવર્યશ્રી આદિને પ્રણામ...

ગતાંકમાં આપણે પત્રિકા-બેનર વગેરે પ્રીન્ટીંગ સંબંધી વિચારણા કરી, જેમાં આગળ વધુ વિચારીએ.

એક જમાનો હતો કે જેમાં પત્રિકાની કિંમત હતી તે આધારે પ્રસંગની વ્યકિતની મુલવણી થતી હતી, આજે પત્રિકાની કોઇને કશી મહત્તા નથી, જે તે કાળે દિવાળીએ ગ્રીટીંગ્સ કાર્ડસ વગેરેનો પુષ્કળ ઘસારો રહેતો, આજે એક જ ફ્લેટમાં ઉપર-નીચે રહેતા બે ભાઇ મોટા ભાગનો વ્યવહાર ફોન દ્વારા જ પતાવી દેતા હોય છે. અમારો કહેવાનો મુખ્ય આશય એટલો જ છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ બદલાતાં, તમે ઇચ્છો પણ દરેકના સમીકરણો -ગણિતો બદલાતાં હોય છે. પહેલા એક કાળે શ્રુતલેખન એ પાપ ગણાતું.. તેમાં પ્રાયશ્ચિત આવતું જે પછીના કાળે આદેય બન્યું, એમાં પણ સમય પસાર થતાં તાડપત્ર લેખન, પછી હાથવણાટના કાગળ પર લેખન અને પછી તો સર્વશ્રેષ્ઠ, સરળ અન વધુ સારો ઉપાય પ્રીન્ટીંગનો આવ્યો. અને જૈન સંઘના ગીતાર્થોએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસાર એનો લાભાલાભ જોઇને સહર્ષ અપનાવ્યો.

એટલે હવે આપણી મૂળ પત્રિકા પ્રીન્ટીંગની બાબતે કેટલાક વ્યવહારિક ઉપાય વિચારીએ.

● પત્રિકા બાબત સંઘ શાહી ઠરાવ કરી શકાય કે શ્રીસંઘના કોઇપણ પ્રસંગે અમુક કિંમતથી વધુ ની મોંઘી પત્રિકા છપાવવી નહિં. મુંબઇમાં એક ડોલર પ્રતિષ્ઠિત સંઘમાં આ પ્રકારનો ઠરાવ થયેલો છે.

● દરેક સંઘમાં, સંઘ લેવલે એક એસ.એમ.એસ, વોટ્સ અપ વગેરે ગ્રુપ હોવું જોઇએ. શ્રીસંઘના દરેક કાર્યક્રમના મેસેજ તે દ્વારા દરેક સભ્યોને મળતા રહે. શ્રી સંઘની એક વેબસાઇટ હોય તો તેના પર પણ માહિતિ તેમજ થયેલ પ્રસંગની વિડીયો અપલોડ કરી શકાય.

● દક્ષિણ ભારતના ઘણા બધા ચર્ચોમાં બહાર ઇલેક્ટ્રોનીક બોર્ડ લાગેલા હોય છે જેની પર સતત ચર્ચમાં થનારા કાર્યક્રમોની વિગત ફરતી રહે છે જે તે વિસ્તારના લોકોને તેની જાણ થઇ જાય છે, અમદાવાદમાં ઇન્કમટેક્ષ ચાર રસ્તે પણ આવા બોર્ડ છે જૈન સંઘોમાં આ પદ્ધતિ લાવી શકાય, જે પણ સમાચાર મુકવાના હોય તે સંઘ તરફથી મુકાતા રહે, જેથી તેની અધિકૃતતા પણ જળવાય એક જ સમાચાર અલગ અલગ સંઘોમાં ઇમેઇલ વગેરે દ્વારા મોકલી શકાય.

● કેટલાકને એવી ટેવ હોય છે કે ધાર્મિક પ્રસંગો સંબંધી પત્રિકા કે જમણવાર વગેરે મુદ્દાને આગળ કરી તેને વાગોળવા કે વખોડવા , આ મનોવૃતિ ભાવિમાં જિનશાસનની પ્રાપ્તિને દુર્લભ બનાવી શકે છે, અહીં જે વિચારણા છે તે કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વિના, એકમાત્ર શાસન રાગથી શાસનની વ્યવસ્થાને વધુ સુચારુ બનાવવા માટે જ છે, નહીં કે તેને વગોવવા કે વખોડવા..

● વાત્સવમાં, આ વાત શ્રાવકોને પોતાના સામાજીક પ્રસંગોમાં પણ બહુ લાગુ પડે છે, કેટલાક સમાજમાં જન્મ-મરણ-લગ્ન વગેરે પ્રસંગોના સમાચાર સોશ્યલ મિડીયા દ્વારા જ અપાય છે, ખરેખર તો શ્રીમંત શ્રાવકોએ ખોટી શેહ-શરમ છોડી સાદી પત્રિકા દ્વારા કે સોશ્યલ મીડીયાના વપરાશ દ્વારા એક દાખલો બેસાડવો જોઇએ. ● અને છેલ્લી વાત, જેઓને કોઇપણ ભોગે પત્રિકાઓ છાપવી જ હોય, તેઓએ પત્રિકાની મેટર સાથે સંઘ-સમાજ ઉપયોગી કોઇ સુવાક્ય-ક્વોટેશન્સ વગેરે પણ મુકવા, જેથી સારા વિચારો સમાજમાં ફેલાતા રહે. અને કિંમતી પત્રિકાની નકલો ખૂબજ મર્યાદિત છપાવવી અને કાર્યક્રમ એક જ પાનામાં છપાવીને વધારે જગ્યાએ મોકલી શકાય.

● આ વાત બેનર, પેમ્ફલેટ વગેરે સંબંધી પણ યથાયોગ્ય જાણવી.

લી. સકળશ્રીસંઘચરણસેવક શ્રી બાબુલાલ સરેમલજી બેડાવાળા

" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૦

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | આત્મચિંતા | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | અર્થ ચિંતા | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩ | યશોમતિનો પ્રેરક પ્રસંગ | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪ | જૈન તત્વજ્ઞાન ચિત્રાવલી પ્રકાશ | આ.રાજેન્દ્રસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫ | જૈન તત્વજ્ઞાન ચિત્રાવલી પ્રકાશ | વિવે :આ.જયસુંદરસૂરિજી | હિ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૬ | બત્રિશીના સથવારે-કલ્યાણ ના પગથારે ભાગ-૭ | આ.અભયશેખરસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૭ | સાચો શૂરવીર-૧ (ઇન્દ્રીય પરાજય શતક) | આ.જયઘોષસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૮ | ધર્મ દ્રવ્ય વ્યવસ્થા | આ.જયઘોષસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૯ | જીવન ધર્મ | આ.ભદ્રગુપ્તસૂરિજી | ગુજ | મહાવીર જૈન આ.કેન્દ્ર |
| ૧૦ | હિમાલયની ગોદમા-અષ્ટાપદની શોધમાં | આ.જગચ્ચંદ્રસૂરિજી | ગુજ | સૂરેન્દ્રસૂરિ જૈન તત્વજ્ઞાન શાળા |
| ૧૧ | કેટલોગ ઓફ પાભ્મલીફ મેન્યું. સ્ક્રીપ્ટ | ડૉ.શાંતીભૂષણ મીશ્રા | અં. | સૂરેન્દ્રસૂરિ જૈન તત્વજ્ઞાન શાળા |
| ૧૨ | ધર્મ રત્ન પ્રકરણ (મૂળ) | સા.રત્નચૂલાશ્રીજી | સં.-ગુજ | લબ્ધિ વિક્રમસંસ્કૃતિ કેન્દ્ર |
| ૧૩ | અચલ ગચ્છિય કોબા પ્રશસ્તિ સંગ્રહ | પૂ.સર્વોદયસાગરજી | હિ | વિરાગ-તેજસ-ઋજુ ગંગર |
| ૧૪ | ચિકાગો પ્રશ્નોત્તર | પૂ.પૂણ્યપાલસૂરિજી | હિ-ગુજ | પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૧૫ | પદ્મ ચિંતન - ૧,૨ | સા.પદ્મરેખાશ્રીજી | ગુજ | રાજુભાઇ શાહ |

## પૂ.યોગતિલકસૂરિજી મ.સા.દ્વારા સંપાદિત
## વીરશાસનમ્ દ્વારા પ્રકાશિત ઉપદેશ સાહિત્ય માળાના ગ્રંથો

| ક્રમ | ગ્રંથનુ નામ | ટીકાકાર | કર્તા /સંપાદક |
|---|---|---|---|
| ૧ | નવપદપ્રકરણમ્ - લઘુ | પૂ.દેવગુપ્તસૂરિજી | પૂ.આનંદસાગરસૂરિજી |
| | નવપદપ્રકરણમ્ - બૃહદ | પૂ.યશોદેવ ઉપા. | પૂ.આનંદસાગરસૂરિજી |
| ૨ | શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રમ્ (ચાર ટીકા) | પૂ.રત્નશેખરસૂરિજી | પૂ.આનંદસાગરસૂરિજી |
| | | પૂ.પાર્શ્વરત્નસૂરિજી | પૂ.મુનિહર્ષવિજયજી |
| | | પૂ.શ્રીચંદ્રસૂરિજી | પૂ.મુનિહર્ષવિજયજી |
| | | પૂ.તિલકાચાર્ય | પૂ.મુનિહર્ષવિજયજી |
| ૩ | ઋષિમંડલ પ્રકરણમ્ (ટીકા અવચૂરિ સાથે) | પૂ.ધર્મઘોષસૂરિજી | પૂ.માનવિજયજી |
| | | ટી.પદ્મમન્દિરગણિ | ટી.ઉમંગસૂરિજી |
| ૪ | સમ્યકત્વસપ્તતિ સટીક | પૂ.સોમતિલકસૂરિજી | પૂ.મુનિ લલિતવિજયજી |
| ૫ | વિવેકમંજરી સટીક | પૂ.બાલચંદ્રચાર્ય | પં.હરગોવિંદદાસ |
| ૬ | શ્રાદ્ધદિનકૃત્યમ્ (ટીકા અવચૂરિ સાથે) | પૂ.દેવેન્દ્રસૂરિજી | પૂ.આનંદસાગરસૂરિજી |
| ૭ | દાનાદિકુલકમ્ સટીક | પૂ.દેવવિજયજી | પં.હિરાલાલ હંસરાજ |
| ૮ | ધર્મોપદેશકર્ણિકા | અજ્ઞાત | પં.હિરાલાલ હંસરાજ |
| ૯ | ઉપદેશચિંતામણી સટીક | પૂ.જયશેખરસૂરિજી | પં.હિરાલાલ હંસરાજ |
| ૧૦ | ઉપદેશમાલા -પુષ્પ માળા સટીક | પૂ.હેમચંદ્રસૂરિજી | પૂ.આનંદસાગરસૂરિજી |
| ૧૧ | ઉપદેશપ્રાસાદ સટીક | પૂ.લક્ષ્મીસૂરિજી | પૂ.વલ્લભવિજયજી |

# સરસ્વતી પુત્રોને વંદના

## આ ગ્રંથોનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.

**પૂ. આ. કીર્તિયશસૂરિજી મ. સા. (પૂ. આ. રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) યોગ શતક - સંશોધિત-તુલનાત્મક દ્રષ્ટિકોણ સાથે
(૨) પંચ વસ્તુક - સંશોધિત-તુલનાત્મક દ્રષ્ટિકોણ સાથે
(૩) યોગ દ્રષ્ટિ સમુચ્ચય - સંશોધિત-તુલનાત્મક દ્રષ્ટિકોણ સાથે
(૪) ક્ષતિ લક્ષણ સમુચ્ચય - સંશોધિત-તુલનાત્મક દ્રષ્ટિકોણ સાથે

જિન કલ્પ સંબંધી, સમિતિ ગુપ્તિ સંબંધી તેમજ બોટિક (દિગમ્બર) ગ્રંથનું સંશોધન પણ ચાલુ છે.

**સાધ્વીજી ધૈર્યરસાશ્રીજી મ. સા. (પૂ. આ. રાજેન્દ્રસૂરિજી સમુદાય)**

અજાપુત્ર રાસ - નૂતન રાસની રચના

## પૂ. યોગતિલકસૂરિજી મ.સા. દ્વારા સંપાદિત કાવ્ય સાહિત્ય માળા અંતર્ગત વીરશાસનમ્ દ્વારા પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | ભાગ | કાવ્ય નામ | કર્તા | રચનાકાળ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ચતુર્વિંશતિજિનેન્દ્રચરિતાનિ | પૂ.અમરચંદ્રસૂરિજી | ૧૨૯૫ |
| ૨ | ૨ | પદ્માનન્દમહાકાવ્યમ્ | પૂ.અમરચંદ્રસૂરિજી | ૧૨૯૫ |
| ૩ | ૩ | ચન્દ્રપ્રભચરિતમ્ | પૂ.દેવેન્દ્રસૂરિજી | ૧૨૬૪ |
| ૪ | ૨ | શ્રેયાંસનાથચરિતમ્ | પૂ.માનતુંગસૂરિજી | ૧૩૩૨ |
| ૫ | ૩ | વાસુપુજ્યચરિતમ્ | પૂ.વર્ધમાનસૂરિજી | ૧૨૧૯ |
| ૬ | ૩ | વિમલનાથચરિતમ્ | પૂ.જ્ઞાનસાગરસૂરિજી | ૧૫૧૭ |
| ૭ | ૪ | શાન્તનાથચરિતમ્ | પૂ.મુનિભદ્રસૂરિજી | ૧૪૧૦ |
| ૮ | ૪ | શાન્તિનાથચરિતમ્ | પૂ.વત્સરાજગણિ | ૧૬૧૨ |
| ૯ | ૪ | શાન્તિનાથચરિતમ્ | પૂ.મેઘવિજયજી | ૧૮૧૨ |
| ૧૦ | ૫ | શાન્તિનાથચરિતમ્ | પૂ.માણિક્યચંદ્રસૂરિજી | ૧૨૪૬ |
| ૧૧ | ૫ | શાન્તિનાથચરિતમ્ | પૂ.અજિતપ્રભસૂરિજી | ૧૩૦૭ |
| ૧૨ | ૬ | મલ્લિનાથચરિતમ્ | પૂ.વિનયચંદ્રસૂરિજી | ૧૨૮૬ |
| ૧૩ | ૬ | મુનિસુવ્રતસ્વામિચરિતમ્ | પૂ.વિનયચંદ્રસૂરિજી | ૧૩૧૮ |
| ૧૪ | ૭ | નેમિનાથચરિતમ્ | પૂ.કીર્તિરાજોપાધ્યાય | ૧૩૨૮ |
| ૧૫ | ૭ | પાર્શ્વનાથચરિતમ્ | પૂ.ભાવદેવસૂરિજી | ૧૪૧૨ |
| ૧૬ | ૭ | પાર્શ્વનાથચરિતમ્ | પૂ.પદ્મસુંદરગણિ | ૧૬૧૫ |
| ૧૭ | ૭ | પાર્શ્વનાથચરિતમ્ | પૂ.હેમવિજયજગણિ | ૧૬૩૨ |
| ૧૮ | ૮ | અમમસ્વામિચરિતમ્ | પૂ.મુનિરત્નસૂરિજી | ૧૨૪૨ |
| ૧૯ | ૯ | ભરતબાહુબલિમહાકાવ્યમ્ | પૂ.પુણ્યકુશલગણિ | ૧૬મી |
| ૨૦ | ૯ | પુન્ડરીકચરિત્રમ્ | પૂ.કમલપ્રભસૂરિજી | ૧૩૭૨ |
| ૨૧ | ૯ | આર્ષભીયચરિત્રમ્ | પૂ.યશોવિજયજી ઉપા. | ૧૮૧૨ |
| ૨૨ | ૧૦ | જયાનંદકેવલિચરિત્રમ્ | પૂ.મુનિસુંદરસૂરિજી | ૧૪૧૪ |
| ૨૩ | ૧૦ | પૃથ્વીચન્દ્રચરિત્રમ્ | પૂ.વત્સરાજગણિ | ૧૪૩૪ |
| ૨૪ | ૧૦ | પૃથ્વીચન્દ્રચરિત્રમ્ | પૂ.લબ્ધિસાગરસૂરિજી | ૧૫૫૮ |
| ૨૫ | ૧૧ | નલાયનમ્ | પૂ.માણિક્યસૂરિજી | ૧૪૧૨ |
| ૨૬ | ૧૧ | સમરાદિત્યસંક્ષેપ | પૂ.પ્રદ્યુમ્નસૂરિજી | ૧૩૨૪ |
| ૨૭ | ૧૧ | યશોધરચરિત્રમ્ | પૂ.માણિક્યસૂરિજી | ૧૪૧૨ |

# ભાષાંતર-વિવેચન કરવા યોગ્ય ગ્રંથો

પૂજ્ય ગુરુભગવંતો અને શ્રુતપ્રેમી વિદ્વાન શ્રાવકો દ્વારા પ્રાચીન હસ્તપ્રતો ઉપરથી સંશોધનો અને સંપાદનો કરીને ઘણાં બધા ગ્રંથો પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં મૂળ અથવા તો સટીક પ્રકાશિત કરવામાં આવ્યા છે. આવા પ્રતાકાર કે પુસ્તકાકાર પ્રીન્ટેડ ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થવાના કારણે પહેલા કરતા અભ્યાસમાં સારો એવો વધારો થયો છે આવા સંસ્કૃત/પ્રાકૃતમાં રચાયેલા ગ્રંથો પૈકી ઘણાં બધા ગ્રંથોનું ગુજરાતી/હિન્દીમાં ભાષાંતર અથવા તો વિવેચન પણ પ્રકાશિત થયા છે.

જેને સંસ્કૃત પ્રાકૃતનો અભ્યાસ ન હોય તેઓ શ્રુતના ખજાનાથી વંચિત જ રહે... અલબત્ત દરેક ગ્રંથોના ભાષાંતર કરવાના હોતા નથી એમાં વિવેક અને ગીતાર્થ દષ્ટિની અચૂક આવશ્યકતા છે જ.તેમ છતાં ઘણા બધા ગ્રંથો એવા પણ છે કે શ્રાવકોને તેના ભાષાંતરના વાંચનથી વૈરાગ્યભાવની વૃદ્ધિ થાય, પ્રભુશાસન પ્રત્યે અહોભાવ થાય, નવું નવું શ્રુત ભણવાની જિજ્ઞાસા સંતોષાય.. અથવા તો જે ઉપદેશાત્મક હોય એવા ગ્રંથોના ભાષાંતર કે વિવેચન થાય તે યોગ્ય ગણી શકાય.

આ. શ્રી કૈલાશસાગરસૂરિજી જ્ઞાનભંડાર, કોબાના સહયોગથી અમોએ આવા સંસ્કૃત-પ્રાકૃતના કેટલાક પ્રકરણાદિ ગ્રંથો કે જેનો પ્રાયઃ ભાષાંતર કે વિવેચન થયા નથી તેવાની એક યાદી અમોએ તૈયાર કરી છે. આ કાર્ય કરતા પહેલા ફરીથી યાદીનું ચેકીંગ કરવું જરૂરી છે.

પૂજ્ય ગુરુભગવંતોને નમ્ર વિનંતી સહ પ્રાર્થના કે આપ આ કાર્ય માટે અધિકૃત છો. આપની ગુર્વાજ્ઞાથી જે યોગ્ય જણાય તેવા ગ્રંથોના સરસ સંપાદન કરી ભાષાંતર કરીને, જરૂર પડે તો વિવેચન, ટીપ્પણીઓ કરીને પ્રકાશન કરો.

રૂહીં પ્રકાશિત કરેલ યાદી નમુનારૂપે મુકી છે કોઇ સૂચન હોય તો અમને અવશ્ય જણાવશો.. જેથી આવા ગ્રંથો પર ભાષાંતરાદિ કાર્ય કરવાની ઇચ્છા હોય તેઓ અમને જાણ કરશો જેથી ડુપ્લીકેશન ન થાય.

આ ગ્રંથોના સંશોધન-સંપાદન માટે હસ્તપ્રત વગેરેની જરૂર હોય તો જરૂર અમોને પત્ર દ્વારા જાણ કરશો, જેથી અમે સર્વ પ્રકારે સહાયક બનવા પ્રયત્ન કરીશું.

આ દ્વારા શ્રાવકવર્ગ પર તો ઉપકાર થશે જ, ઉપરાંત ઘણા બધા પૂજ્યોને અભ્યાસમાં સહાયક બની શકાશે. તેમજ પૂર્વાચાર્યોએ કરેલ શ્રુતોપાસના પ્રત્યે બહુમાન પ્રગટ થશે.

ભાષાંતર વિવેચન કરવા યોગ્ય ગ્રંથોની યાદી પેજ નંબર-૫ ઉપર છે.

અમોએ સ્વદ્રવ્યથી બનાવેલ શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડારમાં પૂજ્ય ગુરુભગવંતોને સ્વાધ્યાય-અભ્યાસના ઉપયોગી ૨૦૦૦ પ્રિન્ટેડ પ્રતો તથા ૧૨૦૦૦ પુસ્તકોનો સંગ્રહ છે. જે પૂજ્યોને અભ્યાસ માટે ક્ષેત્રના બંધન વગર બધાજ સમુદાયના-ગચ્છના શ્રમણ-શ્રમણી ભગવંતોને અભ્યાસ માટે ઉપલબ્ધ છે. જે તેઓએ એમનો અભ્યાસ પૂર્ણ થયે પરત મોકલવા વિનંતી છે. નૂતન પ્રકાશન વિભાગમાં પ્રકાશિત પુસ્તકો પણ ફક્ત અભ્યાસ વાંચન માટે અમારી પાસેથી મળી શકશે. કાયમી વસાવવા માટે જે તે પ્રકાશકનો સીધો સંપર્ક કરવો. બધાજ પ્રકાશકોના પ્રાપ્તિસ્થાનના સરનામા અમારી પાસેથી મળી શકશે. શ્રુતજ્ઞાનના કાર્ય માટે સંપર્ક ફક્ત પત્ર, ઇમેઇલ કે વોટ્સ-એપ થી કરવા વિનંતી...

# સંસ્કૃત/પ્રાકૃતના ભાષાંતર-વિવેચન કરવા યોગ્ય ગ્રંથો

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - ટીકાકાર | સ્વરૂપ | ભાષા | પ્રકાશિત |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યાત્મબિંદુદ્વાત્રિંશિકા-સ્વોપજ્ઞ | હર્ષવર્ધન | ટી | સં. | હા |
| ૨ | અનેકાંતનયચક્ર | અજ્ઞાત જૈનશ્રમણ | મૂ | સં. | ના |
| ૩ | અનેકાંતમંજરી | અજ્ઞાત જૈનશ્રમણ | મૂ | સં. | ના |
| ૪ | આગમિકવસ્તુવિચારસાર પ્રકરણ-ટીકા | હરિભદ્રસૂરિ | ટી | સં. | ના |
| ૫ | આરાધના પ્રકરણ | અભયદેવસૂરિ | મૂ | પ્રા | હા |
| ૬ | ઇર્યાપથિકીષટ્ત્રિંશકા-ટીકા | અજ્ઞાત જૈનશ્રમણ | ટી | સં. | હા |
| ૭ | ઉત્પાદાદિસિદ્ધિ | ચંદ્રસેનસૂરિ | મૂ | સં. | હા |
| ૮ | ઉપદેશરત્નમાળા | સકલભૂષણ | મૂ | સં. | ના |
| ૯ | ઉપદેશરસાયનસાર-ટીકા | જિનપાલ | ટી | સં. | હા |
| ૧૦ | એકવિંશતિસ્થાનપ્રકરણ-બોધદિપીકાટીકા | ચતુરવિજય | ટી | સં. | હા |
| ૧૧ | કર્મપ્રકૃતિ-કર્મપ્રપંચટીકા | અજ્ઞાત જૈનશ્રમણ | ટી | સં. | ના |
| ૧૨ | કર્મપ્રકૃતિ-ટીકા | સુમતિકીર્તિ | ટી | સં. | હા |
| ૧૩ | કર્મસ્તવ પ્રાચીન કર્મગ્રંથ-ટીકા | ગોવિંદાચાર્ય | ટી | સં. | ના |
| ૧૪ | દ્રવ્યખંડનન્યાય | સિદ્ધસેનદિવાકરસૂરિ | મૂ | સં. | ના |
| ૧૫ | દ્રવ્યાનુયોગતર્કણા-સ્વોપજ્ઞ-ટીકા | ભોજસાગર | ટી | સં. | ના |
| ૧૬ | ધર્મોપદેશશતકસ્વોપજ્ઞ-ટીકા | મેરુતુંગસૂરિ | ટી | સં. | ના |
| ૧૭ | નયકર્ણિકા-ટીકા | ગંભીરવિજય | ટી | સં. | હા |
| ૧૮ | ન્યાયરત્નાવલી | દયારત્ન | મૂ | સં. | ના |
| ૧૯ | ન્યાયરત્નાવલી-ટીકા | દયારત્ન | ટી | સં. | ના |
| ૨૦ | પ્રમાણસુંદર પ્રકરણ | પદ્મસુંદરસૂરિ | મૂ | સં. | ના |
| ૨૧ | આત્મશિક્ષા | સકલચંદ્ર | મૂ | પ્રા | હા |
| ૨૨ | આરાધનાપ્રકરણ | અભયદેવસૂરિ | મૂ | પ્રા | હા |
| ૨૩ | ઉપદેશપદપ્રકરણ-લઘુટીકા | વર્ધમાનસૂરિ | ટી | સં | ના |
| ૨૪ | ક્ષુલ્લકભવ પ્રકરણ | ધર્મશેખર | મૂ | પ્રા | હા |
| ૨૫ | પુષ્પચુલિકાસૂત્ર-ટીકા | ચંદ્રસૂરિ | ટી | સં. | હા |
| ૨૬ | પ્રમેયરત્નકોષ | ચંદ્રપ્રભસૂરિ | મૂ | સં. | હા |
| ૨૭ | પ્રવચનવિચારસાર | નયકુંજર | મૂ | પ્રા | ના |
| ૨૮ | વિવેકમંજરી-ટીકા | બાલચંદ્રસૂરિ | ટી | સં. | હા |
| ૨૯ | શતપદીપ્રકરણ | ધર્મઘોષસૂરિ | મૂ | પ્રા. સં. | ના |
| ૩૦ | શીલોપદેશમાળા-શીલતરંગીણી-ટીકા | વિદ્યાતિલકસૂરિ | ટી | સં. | ના |
| ૩૧ | સંબંધપરીક્ષા-સ્વોપજ્ઞ-ટીકા | ધર્મકીર્તિસૂરિ | ટી | સં. | હા |
| ૩૨ | સ્યાદ્વાદભાષા-ટીકા | શુભવિજય | ટી | સં. | ના |
| ૩૩ | સ્યાદ્વાદમુક્તાવલી | યશસ્વત્સાગર | મૂ | સં. | હા |
| ૩૪ | હિતશિક્ષાકુલક | રત્નસિંહસૂરિ | મૂ | પ્રા | હા |
| ૩૫ | હિતાચરણ | સકલચંદ્રગણિ | મૂ | પ્રા | હા |

# શ્રુતજ્ઞાનની સુરક્ષા અંગે શાસ્ત્રો અને પરંપરા

(ગતાંકથી ચાલુ) જે શાસ્ત્ર કે સિદ્ધાંતરૂપે હોય તે અફર-નિયત હોય, અનેકાંતવાદ, અપરિગ્રહવાદ વગેરે જૈનશાસનના સિધ્ધાંતો છે અને તે મૂળભૂત બંધારણમાં બાંધ છોડ હોય નહીં. પરંતુ જે તે કાળની પરિસ્થિતિ-સંયોગને આધીન જે જે વસ્તુ માન્યતા, વ્યવહાર પ્રચલનમાં આવે તેને પરંપરા કહેવાય, શ્રુતલેખન-હસ્તલેખન આ બધું પરંપરા કહેવાય. પરંપરા ક્યારેક નિયત-શાશ્વત ન હોય. શાશ્વત હોય તો તે સિધ્ધાંત બની જાય, જેમાં પરિસ્થિતિ સંયોગાધીન કાળક્રમે ફેરફાર સંભવે તેનું જ નામ પરંપરા..

સિધ્ધાંત અને પરંપરાનો ઉપરોક્ત ભેદ સમજી રાખવા જેવો છે, અને માટે જ (૧) તાડપત્ર લેખન (૨) કાગળ પર હસ્તલેખન અને (૩) છાપકામ(૪) ડીજીટલાઇઝેશન. ચારેય પરંપરામાં જ આવે. અને માટે જ "શ્રુત લેખન એ જ શાસ્ત્રીય છે છપાવું તે અશાસ્ત્રીય છે." એવું કંઇ છે નહી અને જો એવું કોઇ કહેતું હોય તો તે શ્રીસંઘના ગેરમાર્ગે દોરનાર છે બાકી દ્રવ્ય વિરાધના તો ચારેય વિકલ્પોમાં છે જ. એટલે સાર એ છે કે શ્રમણ વર્ગ, શ્રમણ ધર્મની મર્યાદામાં રહી ઉચીત માર્ગદર્શન આપે તથા અત્યંત આરંભ સમારંભમાં જ રહેલા શ્રાવકો શ્રીસંઘના ભવિષ્યના હિતને ધ્યાનમાં લઇને જે પરંપરા પદ્ધતિ વધુ ઉચિત લાભદાયક જણાય તે અપનાવે છે.

પ્રશ્ન : પરંતુ, શ્રુતલેખન તે આપણી પ્રાચીન પરંપરા છે, અને છાપકામ(પ્રીન્ટીંગ) તે અર્વાચીન પરંપરા છે. તો પછી પ્રાચીન પરંપરાને જ વળગી રહેવુ જોઇએ ને ?

ઉત્તર : પ્રાચીન હોય તે બધુ સારુ જ હોય અને અર્વાચીન હોય તે બધુ નરસુ જ હોય એવો કોઇ એકાંત જિનશાસનમાં છે નહીં અને સમગ્ર વિશ્વમાં પણ નથી, અત્યારનું જે આધુનિક છે, અર્વાચીન છે તે જ કાલે પ્રાચીન થવાનું છે, તો શું એ પ્રાચીન થયા પછી જ સારુ ગણાશે.

પ્રાચીન કાળે સતી થવાની પરંપરા હતી, દીકરીને દુધ પીતી કરવાની પરંપરા હતી, અકબર પ્રતિબોધક આ. શ્રી હીરવિજયસૂરિશ્વરજી મ. ને કાળે બત્રીસ વર્ષથી નીચેના બહેનોની દીક્ષા પર પ્રતિબંધ હતો, આજે જેને ચારસો વર્ષ થઇ ગયા તો શું પ્રાચીન હોવા માત્ર થી જ જે તે વસ્તુ અપાનાવી લેવાય છે કે પછી વર્તમાન પરિપ્રેક્ષ્ય માં તેના પર વિચાર વિમર્શ કરાય છે ? ઢગલા બંધ પ્રાચીન બાબતો એવી છે કે જે આજે અમલમાં નથી અને દીર્ઘદ્રષ્ટિપૂર્વક વીચારીયે તો તે યોગ્યપણ છે જ. એટલે પ્રાચીન હોય એ જ સારુ, એવું ભુત મગજમાંથી કાઢી નાંખવું જોઇએ. કોઇ ગીતાર્થ જ્ઞાની ગુરુભગવંતના સાનિધ્યમાં બેસીને જાણવા જેવું છે કે કેટલાય પ્રાચીન અને શાસ્ત્રમાન્ય આચારો આજે વ્યવહારમાં નથી, છતાં કોઇ હરફ સુધ્ધાં ઉચ્ચારતું નથી. તો પછી, શ્રુતલેખન બાબત જ પ્રાચીનતાનો આટલો મોહ શા માટે ? નગ્ન વાસ્તવિકતા તો એ છે કે પ્રાચીનતાની વાતો કરનારા લગભગ બધા જ આધુનિક ટેકનોલોજીનો (વ્હીલચેર, ટેલીફોન, મોબાઇલ, વાહનો, ફ્લશ સંડાસ વગેરેનો)જરૂર મુજબ ઉપયોગ કરે છે. તેના ફાયદાઓ મેળવે છે, વેપાર ધંધાઓ કરે છે, એ તેમ છતાં પ્રાચીનતાની બાંગ ફૂંકે છે.

વાસ્તવમાં તો પ્રાચીન હોય કે અર્વાચીન સંયમી વિદ્વાન ગીતાર્થ ગુરુભગવંતોને તત્કાલીન પરિસ્થિતિને આધિન શાસ્ત્રની વફાદારી પૂર્વક સકળ શ્રીસંઘની વર્તમાન અને ભવિષ્યની પેઢીના હિતમાં જે ઉચિત જણાય તે સર્વ શ્રીસંઘને માન્ય બની શકે છે. અને બન્યું છે અને તે યોગ્ય જ છે. આ વાત માત્ર શ્રુતછાપકામ માટે નહીં બીજા પણ અનેક મુદ્દે લાગુ પડતી જણાશે.

# શ્રુતજ્ઞાનની સુરક્ષા અંગે શાસ્ત્રો અને પરંપરા

પ્રશ્ન : હજી એક છેલ્લી વાત, પ્રાચીન અર્વાચીન ને બદલે સકળ સંઘના હિતમાં જે હોય તેને સ્વીકારવાની વાત બરાબર છે પરંતુ શ્રુતલેખન-હસ્તલેખન અલ્પહિંસક છે અને છાપકામતો અતિ હિંસક છે, તો શ્રુતલેખન જ ન કરાવવુ જોઇએ ?

ઉત્તર : શ્રુતલેખન હાથ બનાવટના કાગળો ઉપર જ કરાય છે. આજે ઘણુ કરીને આ કાગળ બનાવટનો ઉદ્યોગ જૈન ગ્રંથો લખાવવા અર્થે જ ટકી રહ્યો છે અથવા તો પ્રોત્સાહન આપી આપી ને ટકાવાઇ રહ્યો છે. જ્યાં કાગળ બનાતા હોય તેની સંપૂર્ણ પદ્ધતિ જોશો તો તે અલ્પહિંસક છે તેવું કહી શકશો નહીં. ડીજીટાઇઝેશન અને પ્રીન્ટીંગમાં ઇલેક્ટ્રીસીટીનો વપરાશ વગેરે છે, પરંતુ એક વાત સ્પષ્ટ જાણવા જેવી છે કે આ પ્રીન્ટીંગ માત્ર ભારતમાં નહીં પણ સમગ્ર વિશ્વમાં છે. વિશ્વની ૭૦૦ કરોડની વસ્તી જે પ્રીન્ટીંગનો ઉપયોગ કરે છે, અને આ વિશ્વ વ્યવસ્થાનો ઉપયોગ માત્ર સવા દોઢ કરોડની વસ્તી ધરાવતો જૈન સંઘ પોતાને માટે કરી લે છે. એમાં પણ ધાર્મિક ઉપયોગ તો એથી ય ઓછો કરે છે, જે તે કાળે જૈન સંઘે એ જ વિકલ્પ અપનાવ્યો છે. એટલે વર્તમાનમાં શ્રુતજ્ઞાનનું પ્રીન્ટીંગ કરાવવાથી સમગ્ર વિશ્વની પ્રીન્ટીંગની હિંસાનો દોષ શાસ્ત્ર છપાવનારને લાગી જાય એવું કોઇ કહેતું હોય તો તેણે કોઇ ગીતાર્થ જ્ઞાની ગુરુભગવંતના ચરણોમાં બેસીને એનું શાસ્ત્રીય સમાધાન મેળવી લેવું જોઇએ. વાસ્તવિક રીતે જોવા જઇએ તો ભવિષ્યની પેઢી માટે શ્રુતરક્ષાની જ્યારે વિચારણા કરવાની હોય તેમાં અલ્પહિંસા કે વધુ હિંસાનો પ્રશ્ન ગૌણ છે. મુળભુત ઉદ્દેશ તો ભવિષ્યની પેઢીને શુદ્ધ શ્રુતવારસો શુદ્ધ સ્વરૂપે જ મળી રહે એ હોવો જોઇએ. વર્તમાન શ્રુતલેખનની પદ્ધિતમાં અનેક અનિષ્ટો ઉભા થાય છે અને થઇ રહ્યા છે. તેની વિચારણા અન્યત્ર સ્વતંત્ર લેખમાં કરી જ છે. જેથી અહીં વિસ્તાર કરતા નથી, ટુંકમાં પ્રાચીન શ્રુતવારસાના શુદ્ધ સ્વરૂપના સંરક્ષણ માટે હસ્તલેખન કરતા પ્રીન્ટીંગ છાપકામએજ વધુ યોગ્ય ઉપાય છે.અને તે શ્રીસંઘે વિના સંકોચે અપનાવવો જોઇએ. ડીઝીટલ સ્વરૂપમાં સ્કેનીંગ દ્વારા શ્રુતનું સંરક્ષણ કરવાથી બીનજરૂરી પ્રીન્ટીંગ અને તે માટે વપરાતા કાગળનો પણ બચાવ થાય છે. તેથી શ્રાવકોને ઉપયોગી હોય તેવા પુસ્તકો લેખ વગેરે તો પ્રીન્ટીંગના બદલે સોફ્ટ નકલ રૂપે ઇમેઇલ થી પીડીએફ ફોરમેટમાં મોકલવાથી કાગળનો પણ બચાવ થાય છે. અને તેના લીધે કાગળ બનાવવા માટે વપરાતા હજારો વૃક્ષોનું પણ જતન થાય છે. એ વૃક્ષો બચાવવાથી પર્યાવરણ બચે છે અને વનસ્પતીકાયની વિરાધનાનો પણ બચાવ થાય છે.

આગમપ્રભાકર પૂ.શ્રી પુણ્યવિજયજી મ.સા.દ્વારા તૈયાર થયેલ શ્રી નીશીથ સૂત્ર - ચૂર્ણીની પ્રેસ કોપીના આધારે પૂ.કલાપૂર્ણસૂરિજી સમુદાયના શ્રી દિવ્યરત્નવિજયજી મ.સા.ના ઘણા વર્ષોના સંશોધનના પરિપાકરૂપે તૈયાર થઇ રહેલ સાત ભાગ પૈકી પ્રથમ ભાગની શ્રુતોપાસના રૂપે ગ્રંથ વધામણાનો ભવ્ય કાર્યક્રમ પાટણ મુકામે તા.૧૨-૧૦-૨૦૧૪ના રોજ યોજાયો. પ્રકાશિત થયેલ પ્રથમ ભાગ સુવિહિત ગીતાર્થ ગુરુભગવંતોને ટૂંક સમયમાં બહુમાનપૂર્વક અર્પણ કરવામાં આવશે.

# ફીર મિલેંગે - એ કહેતા પૂર્વે

(૧) ફક્ત ચાતુર્માસ ના ચાર મહિનામાં પાંચ અંકો છેલ્લા છ વર્ષથી પૂજ્ય વિદ્વાન ગુરુભગવંતો તથા પંડિતવર્યો, સંસ્થાઓ વગેરેને મોકવામાં આવે છે. છઠ્ઠા વર્ષનો છેલ્લો - ૩૦ મો અંક છે આના આગળના અંક મેળવવા હોય તો અમારી વેબસાઇટ પરથી મળી શકશે.

(૨) આ અંકોમાં અમે જે વિચારો રજૂ કરીએ છીએ, તે સંબંધી આપનો અભિપ્રાય અવશ્ય જણાવશો. જેથી અમારી ક્યાંક સમજફેર થતી હોય તો સુધારી શકાય.

(૩) જિનશાસનમાં શ્રુતજ્ઞાનના પ્રચાર-પ્રસાર, રક્ષણ-સંવર્ધન-અભ્યાસ, પઠન-પાઠન વગેરે કોઇપણ કાર્ય સંબંધે આપના અમૂલ્ય સૂચનો અમને અવશ્ય જણાવશો. જે આપના જ નામથી સર્વના હિતમાં પ્રકાશિત કરવાનો પૂર્ણ પ્રયત્ન કરવામાં આવશે.

(૪) શેષ કાળ દરમ્યાન આપને અભ્યાસાર્થે કોઇ પણ ગ્રંથોની આવશ્યકતા હોય, સંશોધન-સંપાદન માટે હસ્તપ્રત વગેરેની આવશ્યકતા હોય, તો અમોને જણાવશો, અમે યોગ્ય પ્રયત્ન અવશ્ય કરીશું.

(૫) જે કોઇને ગ્રંથોના સંશોધન-સંપાદન કે ભાષાંતરણ કાર્યો કરવા હોય, અથવા તો પ્રાચીન ગ્રંથો રીપ્રીન્ટ કરાવવા હોય તો તે સંબંધી ગ્રંથોના નામ આગળના અંકોમાં દર્શાવાયેલ છે. વેબસાઇટ ઉપરથી તે જોઇ શકાશે, પણ એક નમ્ર સૂચન છે કે આપ આવુ કોઇપણ પ્રકારનું કાર્ય કરો તો તેની જાણ અમને અવશ્ય કરશો, જેથી એક જ પ્રકારનું કાર્ય બે-ત્રણ સ્થાનેથી ન થાય..સમય-શક્તિનો વચાવ થાય.

---

અહો શ્રુતજ્ઞાનમ્ ઇ-પરિપત્રમ્ : દ્વિતીય અંક નૂતન સ્વરૂપમાં ટૂંક સમયમાં પ્રકાશિત થશે. જેમાં સંસ્કૃત-પ્રાકૃતની નૂતન રચના તેમજ પૂર્વાચાર્યો રચિત અપ્રકાશિત કૃતિઓની હસ્તપ્રત ઉપરથી લિપ્યંતરણ કરવામાં આવશે. અપ્રકાશિત સંસ્કૃત-પ્રાકૃત કૃતિ તેમજ રાસના ભાવાનુવાદ પણ પ્રકાશિત પ્રગટ કરવામાં આવશે. વર્ષ દરમ્યાન સંસ્કૃત-પ્રાકૃતના ગ્રંથો ઉપરથી પ્રકાશિત શાસ્ત્ર ગ્રંથોના સંપાદક, પ્રાપ્તિ સ્થાનની માહિતી સાથેનો પરિચય પણ આપવામાં આવશે. આપના દ્વારા જે પણ શાસ્ત્રીય ગ્રંથોનું વર્ષ દરમ્યાન નૂતન પ્રકાશન થયું હોય તેનો પાંચ-સાત લીટીમાં હિન્દીમાં વિગત લખીને અથવા ઇમેઇલ દ્વારા મોકલાવશોજી. બધાજ સમુદાયના ગુરુભગવંતોને આ પરિપત્રમાં તેઓની રચના પ્રકાશિત કરવા માટે અંતઃકરણ પૂર્વક આમંત્રણ છે. સમુદાય કે ગચ્છના ભેદ વિના અમારી પાસે આવેલ બધા જ શ્રમણ-શ્રમણી ભગવંતોના શ્રુતજ્ઞાનના કાર્યને પ્રકાશિત કરવામાં આવશે.

અહો શ્રુતમ્ ઇ-પરિપત્રમ્‌ની મર્યાદિત નકલો જ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલા બધા જ ગુરુભગવંતો તેમજ ઉત્તમકક્ષાના સક્રિય જ્ઞાનભંડારોને મોકલવામાં આવશે. યુનિવર્સિટી, વિદ્યાપીઠ અને સંસ્કૃત કોલેજ તેમજ વિદ્વાનોને ઇમેઇલ દ્વારા મોકલવામાં આવશે. જેથી જૈન સાહિત્યનો અને સિધ્ધાંતનો બહુમુલ્ય પ્રદાનનો સુયોગ્ય પ્રચાર-પ્રસાર થાય


Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket



પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org